# છાવણી ખાતે અર્બુદા સેનાનું જેલભરો આંદોલન : ૧૦૦ની અટકાયત





ગાંધીનગર, તા.૨૧

અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલ ચૌધરીને જેલ મુકત કરાવવા માટે અર્બુદા સેના દ્વારા સતત વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. તેમ છતા વિપુલ ચૌધરીને જેલમુકત કરવામાં આવ્યા નથી. ત્યારે ગાંધીનગરની છાવણી ખાતે અર્બુદા સેનાના ભાઈઓ-બહેનો કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. વિપુલ ચૌધરીને મુકત કરવાની માંગ સાથે હલ્લાબોલ કરી જેલભરો આંદોલન કર્યુ હતું. જેથી પોલીસે અર્બુદા સેનાના ૧૦૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

મળતી વિગત મુજબ અર્બુદા સેના ગુજરાત દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારે જેલભરો આંદોલન અને ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અર્બુદા સેના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ વિપુલ ચૌધરીને ખોટા કેસો કરી તેમજ રાજકીય કિન્નાખોરી રાખી ચુંટણી સમયે જ તેઓની ધરપકડ કરવામાં આવી છે. જેનો વિરોધ અર્બુદા સેનાએ ધરણા-સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. વિપુલ ચૌધરીને સમર્થન આપવા માટે ચાલો ગાંધીનગરના સુત્ર સાથે આહ્વાન કરવામાં આવ્યું હતું. જેને પગલે રાજયભરમાંથી મોટીસંખ્યામાં અર્બુદા સેનાના સૈનિકો છાવણી ખાતે ઉમટી પડ્યા હતા. ત્યારે બનાસકાંઠા, સાબરકાંઠા, મહીસાગર, મહેસાણા, પાટણ, ગાંધીનગર, સહિતના વિસ્તારના વિરોધ કરી રહેલા અર્બુદા સેનાના કાર્યકરોની પોલીસ દ્વારા ૧૦૦ થી વધુ અટકાયત કરવામાં આવી હતી. અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલ ચૌધરીની મુકિત માટે સેના હાલ સરકાર સામે મોરચો માંડ્યો છે.ત્યારે આગામી દિવસોમાં પણ વિપુલભાઈને તાત્કાલીક છોડવામાં નહી આવે તો, ડેરીમાં દુધ ભરાવવા આવશે નહી. તેમજ આમરણાંત ઉપવાસ આંદોલન સહિત ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે તેમ અર્બુદા સેનાએ જણાવ્યું છે. ત્યારે વિપુલ ચૌધરીને ઝડપી જેલમુકત કરવામાં નહી આવે તો પાટનગરમાં આગામી તા.૩૦ ના રોજ આંજણા સમાજ પશુપાલકોની મહાપંચાયતની બેઠક મળનારી છે. જેમાં અર્બુદા સેનાના લાખો કાર્યકરો હાજર રહેશે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




રહેવા દો... પહેલા બાબાનો લક્ષ્મી છાપ ટેટો બીક વગર ફોડી દો... પછી ડિફેન્સ એકસ્પો જોવા જવાનુ વિચારો...!!

## સચિવાલયમાં અદ્ભૂત રંગોળી



ગાંધીનગર, તા. ૨૧

દિપાવલીના પાવન પર્વ નિમિત્તે સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગની સંકલન શાખામાં ફરજ બજાવતા નાયબ સેક્શન અધિકારી સુશ્રી સોનિયા વોરાએ તેમની ઓફિસમાં અદ્ભૂત કલાત્મક રંગોળી બનાવીને સૌના મન મોહી લીધા હતા.

શનિવાર-રવિવારની રજાઓ તથા દિવાળી તહેવારોની રજાઓ સાથે સરકારી કચેરીઓમાં તા. ૨૨ થી ૨૬ ઓક્ટોબર સુધી મીની વેકેશન પડતાં આજે વર્ષના છેલ્લા દિવસે આ નવનરમ્ય રંગોળી જોવા માટે જુદા જુદા વિભાગોના અધિકારી/કર્મચારીઓ રંગોળી જોવા માટે ઉમટી પડતાં સૌના મોઢે ‘‘વાહ..., અદ્ભૂત !’’ ઉદ્ગારો નીકળી જતાં હતાં.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર જિલ્લાના અધિક નિવાસી કલેકટર તરીકે બી.કે. જોશીએ ચાર્જ સંભાળી લીધો છે.

●નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે યોગીરાજસિંહ વાઘેલાએ પણ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

●ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ રજા પર જતાં તેમનો ચાર્જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.કે. પટેલને સોંપવામાં આવ્યો છે.

●શહેરમાં હીટવેવ આજે પણ યથાવત્ રહેવા પામ્યુ હતુ.

●ડિફેન્સ એક્સ્પોને જોવા માટે વિદ્યાર્થીઓ અને યુવાઓ સૌથી વધુ આવ્યા હતા.

●આજે પી.ડી.પી.યુ. ખાતે પ્રધાનમંત્રી મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા મિશન રિક્રુટમેન્ટ ડ્રાઈવનું દેશવ્યાપી લોંચિંગ કરાશે.

●દિપાવલીના પર્વોને લઈ બજારોમાં ઘરાકી જામતા વેપારીઆલમમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળે છે.

●ગાંધીનગર શહેરમાં સે. ૧૩માં કચરાના ઢગલા ઉભા થઈ ગયાની ફરિયાદો ઉઠી છે.

●ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા સફાઈ ના થતાં નગરજનોમાં આક્રોશની લાગણી જોવા મળી રહી છે.

●ગાંધીનગર શહેરમાં આજે કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત ૨૩૩ લોકોને અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨ વ્યકતીને આવરી લેવામાં આવી હતી.

●રાજયના ચૂંટણી અધિકારી કચેરી દ્વારા ચૂંટણી ખર્ચ નિયંત્રણ અધિકારીઓનો એક દિવસીય તાલિમ વર્ગ યોજવામાં આવ્યો હતો.

# લીંબડીયા પ્રિતમ હોટલ સામે આઈસરના ડ્રાઈવરને માર મારી રૂ.૧૫ હજાર લુંટી લીધા

### જયારે કંડકટર પર છરી વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત, ચાર શખ્સો એકટીવા જેવા વાહન પર નાસી ગયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના લીમ્બડીયા ગામ પ્રિતમ હોટલની સામે સર્વિસ માર્ગ પર ગતરોજ રાત્રીના સમયે આઈસરના કલીનરને ભર ઉંઘમાં છરીના આડેધડ ઘા ઝીંકીને ડ્રાઈવર સાથે મારામારી કરી રૂ.૧૫ હજાર રોકડા લુંટી ચાર અજાણ્યા શખ્સો નાસી જતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહારાષ્ટ્રના ગોકુળ સંપત રહાણે નોંધાવેલી ફરીયાદ મુજબ સંગમનેર ખાતે રહેતા વસીમભાઈ ઈનામદારની આઈસર ગાડીમાં છેલ્લા ત્રણ દિવસ થી તે કંડકટર તરીકે ફરજ બજાવે છે. જયારે આઈસર ગાડીના ચાલક તરીકે રાજેશ ઉલ્લાસભાઈ કદમ નોકરી કરે છે.ગત તા.૧૯ ઓકટોબરના રોજ સાંજના આશરે પાંચ વાગે ગોકુળ તેમજ રાજેશ આઈસર ગાડીમાં ફુલાવર શાકભાજી ભરી સંગમનેરથી અમદાવાદ જમાલપુર આવવા માટે નીકળ્યા હતા. તા.૨૦ ના રોજ ઓકટોબરના સવારે આશરે છ વાગે અમદાવાદ-જમાલપુર ખાતે પહોંચી અને જમાલપુર શાકભાજી ખાલી કરી બીજો ફેરો ભરવા માટે બપોરે બે વાગે હિંમતનગર જવા માટે નીકળ્યા હતા.જયાંથી રાત્રીના આઠ વાગે હિંમતનગર થી મગફળી ભરી પુના મહારાષ્ટ્ર જવા નીકળ્યા હતા. ત્યારબાદ માર્ગમાં આઈસરનું ટાયર પંકચર થતા થોડીવાર માટે રસ્તામાં ઉભા હતા. ત્યારે ગઈકાલે રાત્રી સવાએક વાગે લીંબડીયા ગામ નજીક પ્રિતમ હોટલ સામે પહોંચતા ગાડીના ડ્રાઈવર રાજેશને પેશાબ લાગતા સર્વિસ રોડ પર ગાડી ઉભી રાખી હતી. બાદમાં રાજેશ પેશાબ કરવા માટે નીચે ઉતર્યો હતો. તે સમયે ગોકુળ ગાડીમાં સુઈ રહ્યો હતો. તે સમયે ત્રણ ચાર અજાણ્યા શખ્સો આવ્યા હતા અને આઈસર ગાડીની કેબીનમાં જઈ ગોકુળને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. તેના ખિસ્સા તપાસવા લાગ્યા હતા. પરંતુ ખિસ્સામાંથી કંઈ મળ્યું ન હતું. તે સમય દરમિયાન એક શખ્સે ગોકુળ પર હુમલો કરી શરીરે વિવિધ જગ્યાએ છરીના ઘા ઝીંકી દીધા હતા. જેમાં ગોકુળને કાન, કપાળ, નાક, હોઠ તેમજ હાથે પગે પણ ઈજા થતા લોહી નીકળવા લાગ્યું હતું.

અજાણ્યા શખ્સો આઈશરમાંથી નીચે ઉતરી જઈ રહ્યા હતા તે સમયે ચાલક રાજેશ મળીજતા લુંટારૂઓએ તેની સાથે મારામારી કરી રોકડા રૂ.૧૫ હજાર લુંટી એકટીવા જેવા વાહન પર વલાદ ગામ તરફ નાસી ગયા હતા. જયારે ઈજાગ્રસ્ત કંડકટરને સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા.જયાં હાલ સારવાર હેઠળ છે. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મધર ડેરી નજીક કિશોર પાસેથી આઈફોન ઝુંટવી શખ્સ ફરાર

### કલરવ પાર્ટી પ્લોટ પાસે સાંજના સમયે બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર-એરપોર્ટ માર્ગ પર મધર ડેરી કલરવ પાર્ટી પ્લોટ થી સર્વિસ માર્ગ પર સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં પસાર થઈ રહેલા કિશોર પાસેથી આઈફોન પડાવી લઈ બંન્ને હાથ પકડી પાડી પેટના ભાગે ફેંટો મારી બાઈક પર આવેલ ચોર શખ્સ નાસી ગયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નાના ચિલોડા ખાતે પાર્થ સોસાયટીની બાજુમાં રહેતો કિશોર શાહીબાગ અમરુત હાઈસ્કુલમાં અભ્યાસ કરે છે. ગત તા.૧૦-૧૦-૨૨ ના રોજ સાંજના સમયે મિત્રને મળવા માટે અમદાવાદ ગયો હતો.મિત્રને મળી સાંજના સમયે મધર ડેરી કલરવ પાર્ટી પ્લોટ પાસે સર્વિસ માર્ગ પરથી પસાર થતો હતો. તે સમયે ૩૫ થી ૩૮ વર્ષની ઉંમરના બાઈક પર આવેલા શખ્સે તારી પાસે જે મોબાઈલ છે તે મને બતાવી જેથી કિશોરે ના પાડતા તેના હાથ પકડી પાડી પેટના ભાગે ફેંટો મારી હતી. જેથી ગભરાઈ ગયેલા કિશોરે તે શખ્સને ધક્કો મારી જતો રહ્યો હતો. પરંતુ અજાણ્યા શખ્સના હાથમાં આઈફોન-૧૧ આવી જતા તે ભાગી ગયો હતો. જેથી કિશોરે રૂ.૩૦ હજારની કિંમતના મોબાઈલ ફોન ચોરી કરી નાસી જનાર શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

## પંચદેવ મંદિરનો અન્નકૂટ ઉત્સવ ગોપાષ્ટમી ૧લી નવેમ્બરે યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

દર વર્ષે નગરદેવ પંચદેવ મંદિરે બેસતા નવા વર્ષે અન્નકુટનું આયોજન હોય છે. પરંતુ આ વર્ષે સૂર્યગ્રહણના કારણે અન્નકૂટ તા. ૨૬-૧૦-૨૦૨૨ બેસતા વર્ષના બદલે તા. ૧-૧૧-૨૦૨૨ ગોપાષ્ટમી (ગોક્રિડા, ગોવર્ધન પૂજાનો પૂણ્ય દિવસ)ના પવિત્ર દિવસે સાંજે ૫ થી ૮ યોજવામાં આવશે. સાંજે ૫ વાગે આરતી થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રહણના સમય પૂરતો સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર નથી પડતો જેથી કરી ઘણા બધા વાયરસ જંતુઓ ઉત્પન્ન થાય છે. જેની અસર અન્ન વગેરે પર પણ થાય છે. અન્ન વગેરે ખાવાલાયક રહેતા નથી પાણી ઉપર તેની સીધી અસર થાય છે. વાયરસની અસર કોરોનાકાળે બખૂબી બતાવી દીધી અસ્તુ. સર્વે નગરની ઉત્સવપ્રેમી જનતાને આ અવસરનો લાભ લેવા નીલકંઠ શાસ્ત્રીજીએ જણાવ્યું હતું.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય ના સર્વ નેતૃત્વ ટીમ અને એન.એસ.એસ.ના સયુંકત ઉપક્રમે યોજેલ અદભૂત "દિવાળી ડોનેશન ડ્રાઈવ ૨૦૨૨"

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય ના સર્વ નેતૃત્વ ટીમ અને એન.એસ.એસ દ્વારા ગાંધીનગર અને કડી ખાતે દિવાળી ડોનેશન ડ્રાઈવ -૨૦૨૨ પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો .કડી સર્વ વિશ્વવિદ્યાલય ના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ આવું ઉમદા અને સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું.સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત તમામ શાળાઓ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય ની તમામ કોલેજ ગાંધીનગર અને કડી દ્વારા બીજાને ઉપયોગી થાય તથા જીવન જરૂરિયાત ની વસ્તુઓ ભેગી કરવામાં આવી હતી.જેમાં બુકસ,કપડાં, પર્સ, રમકડાં, ઈલેક્ટ્રીક,વસ્તુઓ અને બીજી જીવન જરૂરિયાતની વસ્તુઓ થઈને કુલ ૨૩,૦૦૦ થી પણ વધુ



વસ્તુઓ ભેગી થઈ હતી.આ જુદી જુદી વસ્તુઓને ગાંધીનગર માં સેક્ટર -૨૩, પેથાપુર ચરેડી,પ્રેસ, જી ઈ બી, સેકટર -૧૬, સેક્ટર - ૨૮,૨૯ અને સેક્ટર - ૧૩ ના સ્લમ વિસ્તાર અને સેક્ટર -૨૪ ના સલમ વિસ્તાર માં અને કડી ખાતે અલગ અલગ વિસ્તારો માં આ વસ્તુઓ નું વિતરણ કરવામાં આવ્યું.દિવાળી જેવા તહેવાર માં જરૂરિયાત લોકોને દિવાળીની ભેટ સ્વરૂપે સહાય કરવામાં આવી હતી. સર્વ નેતૃત્વ અને એન.એસ.એસ. ના યુવાનો દ્વારા સમાજસેવાનું ઉમદા અને સરાહનીય કાર્ય કર્યુ હતું.આવા સમાજસેવાના ઉમદા કાર્ય કરવા માટેનું પ્રોત્સાહન અને માર્ગદર્શન ડૉ ધર્મેન્દ્રભાઈ પટેલ અને ડૉ રણછોડભાઈ રથવી સાહેબ દ્વારા આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યને સફળ બનાવવા માટે પ્રો.સૂરજ મુંઝાણી, પ્રો. ઉદયભાઈ, પ્રો.અંજલિ પટેલ, પ્રો. રાહુલ સુખડીયા નો ખુબજ મહત્વનો ફાળો રહ્યો હતો. સમગ્ર કાર્ય માં સર્વ નેતૃત્વ અને એન.એસ.એસ યુનિટ ના વોલેન્ટીયર દ્વારા ભારે જહેમત ઉઠાવી પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું હતું.

# સેકટર-૨૪ના એટીએમમાંથી રૂ.૬.૧૯ લાખની ચોરી

### તસ્કરો એટીએમ મશીન ગેસકટરથી કાપી રોકડ લઈ ફરાર





ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૨૪ ખાતે આવેલા ખાનગી બેંકના એટીએમમાંથી રૂ.૬.૧૯ લાખની મત્તાની ચોરી થવા પામી છે. ભરચક વિસ્તારમાં એટીએમ તુટતા નાગરીકોમાં ભયનુ વાતાવરણ સર્જાયું છે. જયારે ચોર શખ્સોએ એટીએમને ગેસ કટરથી કાંપીને રૂપીયાની ચોરી કરી લઈ જતા હાહાકાર મચી જવા પામી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ ચેક કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા મુર્તુજા હુસેની દાહોદવાલા હીટાચી પેમેન્ટ સર્વિસીસ પ્રા.લી.કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમની સાથે અલગ અલગ બેંકના એટીએમ મેનેજ તેમજ સર્વિસનું કામકાજ કરે છે. જેમાં વિવિધ વિસ્તારમાં લગાડેલા એટીએમ મશીન પર રૂબરૂ જઈ તપાસ કરવામાં આવે છે. તેના મેન્ટેન્સ તેમજ એટીએમ ઉપર લગાડેલા સીસીટીવી ફુટેજ ચકાસવાની કામગીરી કરવાની હોય છે. સેકટર-૨૪ ચંદ્ર ફોટો સ્ટુડીયો નીચે ખાનગી બેંકનું એટીએમ આવેલુ છે. આ એટીએમનું મેનેજ અને સર્વિસનું કામ પણ ઉપરોકત કંપની કરે છે. ત્યારે સવારના રોજ સફાઈ કામદાર અને સુપરવાઈઝર નામદેવે ફોન કરીને જણાવ્યું કે બેંકનું એટીએમ કોઈએ તોડી નાંખ્યું છે અને કોઈએ ચોરી કરી છે.જેથી પોલીસને જાણ કરી મુર્તુજા ગાંધીનગર દોડી આવ્યા હતા. એટીએમ જઈને જોયુ તો ગેસ કટરથી કાપીને વિવિધ દરની ચલણી નોટો ચોરી કરી લઈ ગયા હોવાનું તપાસમાં જાણવા મળ્યુ હતું. જેથી એટીએમમાં કેશ ભરનાર કંપનીને જાણ કરતા કસ્ટોડીયન મયંક સોની દોડી આવ્યા હતા. ત્યારે જાણ થઈ કે ગત તા.૧૯ ના રોજ સાંજના રૂ.૧૦ લાખ મશીનમાં ભર્યા હતા. જયારે તા.૨૦ વપરાશ બાદ અંદર રહેલા રોકડા રૂ.૬,૧૮,૯૦૦ ચોરી કરી લઈ ગયા હતા. ત્યારે ભરચક વિસ્તારમાં દિવાળીના દિવસોમાં એટીએમ તોડી ચોરી થતા નાગરીકોમાં પણ ડર જોવા મળી રહ્યો છે.

# રોટરેક્ટ ક્લબ દ્વારા જરૂરિયાતમંદો માટે સ્વમાન સ્ટોરનો નવતર પ્રયોગ



ગાંધીનગર, તા. ૨૧

રોટરેક્ટ ક્લબ, ગાંધીનગર દ્વારા નગરવાસીઓ પાસેથી વિવિધ પ્રકારની ઉપયોગી ચીજવસ્તુઓ છેલ્લા ૧૦ દિવસથી ઉઘરાવીને જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિનામૂલ્યે આપવાના બદલે સ્વમાનથી લઈ શકે તે માટે ખૂબ જ સસ્તા દરે રૂ. ૫ થી ૫૦ માં કપડાં, ઈલેક્ટ્રીક વસ્તુઓ, પગરખાં, બાળકોને ઉપયોગી વસ્તુઓ, રમકડાં, રાચરચીલું, પ્લાસ્ટીક આઈટમોનું પ્રદર્શન કરી વેચાણ માટે રોટરી ક્લબના પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી અને રોટરી પ્રમુખ ડૉ. જગદીશ પટેલે ખુલ્લું મુક્યું હતું. જેનો ૨૨૮ વ્યક્તિઓએ લાભ લઈ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી,.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ ધૈર્ય શેઠના નેતૃત્વમાં ભાર્ગવ થોબાની, કાવ્યા વ્યાસ, તનય વ્યાસ, નિશાદ ધ્રુ, વૃંદા પંડ્યા, દેવાંક જોષી, ઈશાન પંચાલ, મેઘા પારેખ, જીગર સોલંકી, હર્ષાંગ સોલંકી અને ધરતી પટેલે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

### આ દિવાળી ખુશીઓવાળીના સૂચનને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યુ છે ગાંધીનગરના રાધે રાધે પરીવારે....



આ દિવાળી ના પાવન પર્વ નિમિતે સમાજ સેવા ની અનોખી મિસાલ બની રહેલા ગાંધીનગર ના રાધે રાધે પરીવાર દ્વારા ૩૦૦ થી વધુ ગંગા સ્વરૂપ બહેનો(વિધવા) ને એક કીટ વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ૨ લીટર તેલ, ૧ કિલો ખાંડ,૧ કિલો ચોખા,૧ કિલો મગ, ૧ કિલો ચા,૧ કિલો મીઠાઈ (મોહનથાળ ચોકલેટ બરફી), શુદ્ધ ઘી,મરચું,હળદર, ડ્રાયફ્રુટ (કાજુ બદામ) ,ચીકી,પૌંઆ, બિસ્કિટ ,નમકીન નો સમાવેશ કરવામાં આવ્યો છે.આ સમગ્ર કાર્ય માં વિહ્ન ગ્રુપ,સર્વ નેતૃત્વ ટીમ, પંકજ પટેલ, જય પટેલ,જયદીપ સખરેલિયા, પ્રિયંક ફળદુ, પ્રતીક પટેલ,ખોડીયાર કેશ્યું,અને ઉમિયા મસાલા તથા રાધે રાધે પરીવાર ના સાથી મિત્રો એ ખુજ સારો સાથ અમે સહકાર આપી પ્રશંસનીય કાર્ય કર્યુ હતું.

### મુંડાલીયા હનુમાનજી મંદિર ખાતે નવચંડી યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

શ્રી મુંડાલીયા હનુમાનજી મંદિર કમીટી તરફથી કાળિ ચૌદશ તા. ૨૪-૧૦-૨૦૨૨ સોમવારના રોજ મંદિર પરિસરમાં સવારે અન્નકુટ ભરવામાં આવે છે ત્યાં દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરેલ છે. તેમજ રાત્રે રાસ-ગરબાનો કાર્યક્રમ રાખેલ છે. તો ભાવિક ભક્તોએ દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું હતું.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ રાંધેજાના ધોરણ ૩ થી ૧૨ના વિદ્યાર્થીઓ તા. ૨૧-૧૦-૨૦૨૨ના રોજ હેલિપેડ એક્સ્પો પ્રદર્શન, સેક્ટર-૧૭, ગાંધીનગરની મુલાકાતે ગયા હતા.